# માધ્યમિક શાળાઓએ ઓનલાઈન ફોર્મ ભરવા માટેની માર્ગદર્શિકા

**આ યુનિવર્સિટીના કોર્ટ પર સ્ટેચ્યુટ–૬ મુજબ શિક્ષકોની મતદાર યાદીઓ તારીખ : ૩૧/૧૨/૨૦૨૧ની સ્થિતિએ ચાલુ સાલે ઓનલાઈન માહિતી મોકલવાની થતી હોઈ નીચે જણાવ્યા મુજબની માહિતી ધ્યાને લઈ ઓનલાઈન ફોર્મ યુનિવર્સિટી વેબસાઈટ electoral.hngu.net પર ભરવાના રહેશે. નીચેની સુચનાઓનું ચૂસ્ત પણે પાલન કરવાનું રહેશે અન્યથા અધૂરી કે ખોટી માહિતીવાળી ઓનલાઈન નોંધણી રદ કરવામાં આવશે. જે અંગેની જવાબદારી માહિતી મોકલનારની અંગત રહેશે. જેની ખાસ નોંધ લેવી.**

૧. હેડ માસ્તર ધ્વારા શાળાનું ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી લોગઈન આઈ.ડી. અને પાસવર્ડ મેળવી ઓનલાઈન પ્રક્રિયા કરવાની રહેશે.

૨. હેડમાસ્તર તરીકે માત્ર કાયમી હેડમાસ્તર જ નોંધણી કરાવી શકશે.

૩. હેડ માસ્તરના ફોર્મની હાર્ડકોપીમાં હેડમાસ્તરના સહી અને સેકન્ડરી સ્કૂલના સિકકા કરી ફોરવર્ડીગ પત્ર સાથે ફોર્મ મોકલાવવાનું રહેશે.

૪. સેકન્ડરી ટીચર્સ કે હેડમાસ્તર કોઈપણ એકજ મતદાર યાદીમાં નોંધણી કરાવી શકશે.

૫. સેકન્ડરી ટીચર્સના ફોર્મની હાર્ડકોપીમાં હેડમાસ્તરના સહી અને સિકકા કરી ફોરવર્ડીગ પત્ર સાથે ફોર્મ મોકલાવવાના રહેશે.

૬. વહીવટી કર્મચારીઓ જેવા કે, કલાર્ક, સુપરવાઈઝર, પટાવાળા–ચોકીદાર વગેરેની માહિતી આપવાની નથી.

૭. અરજદારે પોતાનો તાજેતરનો Photograph (10 Kb) અને Signature (10 Kb) સાઈઝથી વધે નહી તે રીતે JPG Format માં સ્કેન કરી તૈયાર રાખવાની રહેશે. જે ઓનલાઈન અરજીમાં અપલોડ કરવાની રહેશે.

૮. સ્કૂલને લગતી તમામ વિગતો અંગ્રેજી CAPITAL LETTERS માં ભરવાની રહેશે અને કોઈપણ કોલમ ખાલી ન રહે તે ખાસ ધ્યાન રાખવાનું રહેશે. તેમજ કોઈ કોલમની માહિતી આપને લાગુ પડતી ન હોય તો NOT APPLICABLE દર્શાવવુ.

૯. માહિતી **electoral.hngu.net વેબસાઈટ પર તા.૧૧/૧૨/૨૦૨૧ના રોજ સવારે ૧૧–૦૦ કલાક થી તા. ૩૧/૧૨/૨૦૨૧ના રોજ સાંજના ૫–૦૦ કલાક** સુધીમાં ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.

૧૦. બધીજ માહિતી ભર્યા બાદ જરૂરી ચકાસણી કર્યા બાદ જ સ્કૂલની વિગત લોક કરવી. લોક કર્યા બાદ આપની માહિતીમાં આપ સુધારા વધારા કરી શકશો નહિ તેની ખાસ કાળજી રાખવી. તમામ માહિતી ભરવાની કામગીરી પૂર્ણ કર્યાબાદ તેની **હાર્ડ કોપી હેડમાસ્તરશ્રીના સહી સિકકા સાથે પ્રમાણિત કરી યુનિવર્સિટીને તા. ૦૪/૦૧/૨૦૨૨ સુધીમાં ફોરવર્ડીગ પત્ર સહિત એકત્રિત કરી સ્કૂલના લેટરહેડ સાથે બિડાણ કરી મોકલી આપવાની રહેશે** ત્યારબાદ આવેલ માહિતી સ્વીકારવામાં આવશે નહિ જેની સર્વેએ નોંધ લેવી.

૧૧. માહિતીનો અભ્યાસ કર્યાબાદ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે કોઈ વહીવટીય મુશ્કેલી જણાય તો ફોન નંબરઃ **૦૨૭૬૬ ૨૩૭૦૦૦ (એકેડેમિક શાખા એકસટેન્શન નં.–૧૦૨૭) ઉપર સંપર્ક કરવા વિનંતી.**

૧૨. ફોર્મ ભરતી વખતે વેબસાઈટ સંદર્ભે જો કોઈ ટેકનીકલ ખામી સર્જાય તો મોબાઈલ નંબરઃ **૮૫૧૧૫૮૨૭૦૯** નો સંપર્ક કરવો.

૧૩. આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો યુનિવર્સિટીને સંપૂર્ણ હકક / અધિકાર રહેશે અને યુનિવર્સિટી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહિ, તેમજ તેવા સંજોગોમાં યુનિવર્સિટીમાં મોકલી આપેલ માહિતી પરત મળવા પાત્ર રહેશે નહિ.

કૃપયા ઉલટાવો..

૧૪. મોકલેલ અધૂરી કે ખોટી માહિતીને લીધે પ્રશ્ન ઉપસ્થિત થાય તો જેતે સ્કૂલના સંબંધિત હેડમાસ્તરશ્રીની જવાબદારી રહેશે અને અધૂરી વિગતો વાળું કે ખોટી માહિતીવાળું ઓનલાઈન ભરેલ ફોર્મ રદ કરવા પાત્ર થશે. જે અંગે સંપૂર્ણ અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

**Statute-4-A**

In all Faculties or Constituencies where elections are to be held under Section 16 (1) Class II Ordinary Member, (A), there shall be an annual revision of the Roll on the 31st of December every year including persons who are entitled and have applied for registration.

**Statute - 6**

(1) In the case of elections to the Court under Section 16 (1) Class - II (A) (ii) and (iii) the Registrar shall as on the 31st December just preceding the date of election prepare a roll as for each of these constituencies of all those entitled to vote there at as per Statute No. 4 (A) and not less than 21 clear days before the date of election shall publish in the newspapers selected by the Vice-Chancellor, a notice of election to be held in accordance with the procedure prescribed in Statute-30 stating there in all relevant particulars.

(2) In the preparation of the Roll of Secondary Teachers, the names of only such teachers shall be included on the roll as are on the date of its preparation, members of the teaching staff of a Secondary School as defined in Clause (12) of section-2 and are actively participating in the work of teaching as Secondary teachers.

(3) In the case of Head Masters the roll shall include the names of permanent Head Masters.

(4) The names of the persons entitled to vote shall appear only once on the roll.

પ્રતિ,

૧. પાટણ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સદર બાબત આપના જિલ્લાની માન્ય માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા સારૂ.

૨. મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સદર બાબત આપના જિલ્લાની માન્ય માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા સારૂ.

૩. બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સદર બાબત આપના જિલ્લાની માન્ય માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા સારૂ.

૪. સાબરકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સદર બાબત આપના જિલ્લાની માન્ય માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા સારૂ.

૫. અરવલ્લી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સદર બાબત આપના જિલ્લાની માન્ય માધ્યમિક શાળાઓના ધ્યાને લાવવા સારૂ.

સ્થળ :– પાટણ                                                                 સહી/–

તારીખ : ૧૦/૧૨/૨૦૨૧                                                          કા.કુલસચિવ